**DATE: 26/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-02**

### ભરૂચમાં રાંધણ ગેસ ગ્રાહકના ઘરે

# ઓછા વજન વાળો ગેસ બોટલ પહોંચે તે પહેલા બે શખ્સ ૨૧ બોટલ સાથે ઝડપાયા

ભરૂચ, તા. ૨૫

ભરૂચમાં રાંધણ ગેસ સિલિન્ડર ગ્રાહકોના ઘરે ઓછા વજન વાળા પહોંચતા હોવાની બૂમો વચ્ચે ભરૂચ એસઓજી પોલીસે ટેમ્પો ચાલક તથા અન્ય એક મળી બે લોકો ગેસ સિલિન્ડર માંથી ત્રણ થી ચાર કિલો ગેસ કાઢી લઈ અન્ય બોટલમાં રિફિલિંગ કરી કૌભાંડ આચરતા હોવાનો પર્દાફાશ કરી પોલીસે ૨ લાખ ઉપરાંત નો મુદ્દમાલ જપ્ત કરી બે લોકોને ઝડપી પાડી ગેસ રિફિલિંગ કૌભાંડ ખુલ્લું પાડયું હતું.

ભરૂચ એસઓજી પોલીસ પેટ્રોલિંગમાં હતા.બાતમીના આધારે ઉમરાજ ગામની સીમમાં ઉમરાજથી ચાવજ જતા રોડ ઉપર એક બોલેરો પીકઅપ ગાડીમાં રાંધણ ગેસના બોટલો માંથી અન્ય બોટલોમાં ગેસ રિફલીંગ કરે છે.જેથી એસઓજીની ટીમે રેઈડ કરતા ઘટના સ્થળ ઉપરથી પીકઅપ વાનમાં રાખેલ ૧૪ કિલો ગેસ ભરેલા ૧૮ બોટલો માંથી ત્રણ થી ચાર કિલો ગેસ કાઢીને અન્ય ખાલી ૩ બોટલોમાં રિફિલિંગ કરવાની કામગીરી ચાલી રહી હતી અને તે દરમ્યાન પોલીસે દરોડા પાડયા હતા. પોલીસની તપાસમાં ઘટના સ્થળેથી પ્રકાશચંદ્ર બીરૂરામ બિશ્નોઈ હાલ રહે.ચાવજ જી.ભરૂચ અને મુળ રહે.રાજસ્થાનના તથા સુભાષ રામુરામ સીંગડ હાલ રહે.ચાવજ અને મુળ રહે. રાજસ્થાનનાને પીકઅપ ગાડી તથા રાંધણગેસની ખાલી બોટલ નંગ ૩,ગેસના ભરેલ બોટલ નંગ ૧૮, વજન કાંટો,ગેસ રિફલીંગ પાઈપ મળી કુલ રૂ.૨,૧૬,૬૮૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી પોલીસ મથકમાં ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી.

**DATE: 26/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# આમોદમાં નવીનગરી પાસે જુગાર રમતા પાંચ જુગારી ઝડપાયા

આમોદ તા.૨૫

આમોદ પશુદવાખાના નવીનગરીમાં રાત્રીના સમયે લાઈટના અજવાળે પત્તા પાના વડે જુગાર રમતા પાંચ ખેલી રૂ. ૨૭,૯૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા જ્યારે અન્ય ચાર પોલીસને જોઈ ફરાર થઈ ગયા હતા.આમોદ પોલીસે નવ જુગારીયા સામે જુગાર ધારા કલમ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી

## ચાર જુગારી સ્થળ પરથી ફરાર, કુલ ૨૭ હજારનો મુદ્દામાલ કબજે લીધો



આમોદ પોલીસે બાતમીના આધારે પશુદવાખાના નવીનગરીમાં પ્રવિણભાઈ સોલંકીના ઘરની બાજુમા લાઈટના અજવાળે ખુલ્લામાં કેટલાક ઈસમો ગોળ કુંડાળુ વળી પત્તા પાનાનો હારજીતનો જુગાર રમતા હોય જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ પહોંચી રેડ કરતા પાંચ ઈસમો જુગાર રમતા પકડાઈ ગયા હતા.જેમાં શૈલેશભાઈ સવાભાઈ સલાટ રહે.પશુદવાખાના નગરી,તાલીબભાઈ મહેમુદભાઈ મલેક.રહે વાવડી ફળિયું,ઉસ્માનભાઈ ઉર્ફે સીરાજ વલીભાઈ પટેલ રહે.વાવડી ફળિયું,હાર્દિકભાઈ ઘનશ્યામભાઈ પટેલ.રહે. બગાસીયા ચોરા,રોહિતભાઈ મફતભાઈ માછી.રહે.વાટા ફળિયું પાંચ ઈસમો પકડાઈ ગયા હતા.જેમની અંગઝડતી લેતા રોકડા રૂ.૧૫૫૦ અને દાવ ઉપરના રોકડા રૂ.૧૧૩૫૦ તથા મોબાઈલ નંગ.૦૩ કિ.રૂ.૧૫૦૦૦ મળી કુલ ૨૭૯૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા.જ્યારે અન્ય જુગારી નામે પ્રવીણભાઈ ઈશ્વરભાઈ સોલંકી રહે.પશુદવાખાના નગરી, આસીફભાઈ રઝાકભાઈ શેખ રહે.વાટા,અજયભાઈ ફતુભાઈ સલાટ રહે.પશુદવાખાના નગરી

હાદીકભાઈ હર્ષદભાઈ પરમાર રહે. રાયણફળિયું પોલીસને જોઈ ફરાર થઈ ગયા હતા. આમોદ પોલીસે તમામ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 28/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 3 સ્થળથી 1.34 લાખનો મુદ્દામાલ જપ્ત

# અંકલેશ્વરમાં શ્રાવણિયો જુગાર રમતાં 20 ખેલીઓ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર માં ત્રણ સ્થળે જુગાર રમતા 20 જુગારીને પોલીસે ઝડપી પાડ્યા હતા જ્યારે 2 ફરાર થઈ ગયા હતા.એલસીબીની ટીમે સારંગપુરના શાંતિનગર ખાતે દરોડા પાડ્યા હતા. જ્યાંમનસુખ સોલંકીના મકાનમાં જુગાર રમતા 13 જુગારી ઝડપાઈ ગયા હતા. પોલીસે રોકડ રૂપિયા 35730 તેમજ 4 મોબાઈલકિંમત રૂપિયા 20 હજાર મળી કુલ 55 હજાર રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.બી ડિવિઝન પોલીસે અંદાડાની રણછોડ કૃપા સોસાયટીમાં જાહેરમાં બાંકડા પર જુગાર રમતા 6 ખેલીને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી કુલ 76.100 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ત્રીજા દરોડા માં પાનોલી પોલીસે કરમાલીગામ ખાતે તળાવ પાસે પાણી ટાંકી નીચે જુગાર રમતા એક ખેલીને ઝડપી લીધો હતો જ્યારે બે ફરાર થઈ ગયાં હતાં. પોલીસે ત્રણેય સ્થળો પરથી 1.34 લાખનો મુદ્દામાલ જપ્ત કરી જુગારીયાઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

**DATE: 28/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### વાગરા પોલીસમાં 1.40 લાખના પશુ ચોરીની ફરિયાદ નોંધાઇ હતી

# ચાંચવેલ ગામેથી પશુઓ ચોરનાર ટોળકીના સાત આરોપીઓ આછોદ ગામેથી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરા તાલુકામાં આવેલાં ચાંચવેલ ગામે કચ્છીપુરા વિસ્તારમાં રહેતાં મુસા અહમદ કચ્છી પશુપાલન કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. દરમિયાનમાં ગત 2 ઓગષ્ટના રોજ તેમના ફળિયાના કાસમ જતનો પુત્ર તેમની અને તેઓની પોતાની ભેંસોને ગંધારના ભાઠામાં ચરાવવા લઈ ગયો હતો. જે બાદ સાંજે સાતેક વાગ્યે તે પરત આવતાં તેઓએ ખુલ્લા વાડામાં તેઓએ તેમની ભેંસો બાંધી હતી. અને રાત્રે તેઓ નિત્યક્રમ મુજબ સૂઇ ગયાં હતાં. સવારે દૂધ દૂહોવા માટે તેઓજાગતાં તેમના કુલ 1.40 લાખની મત્તાની 6 ભેંસ તેમજ તેના 4 બચ્ચા જણાયાં ન હતાં. તેમણે આસપાસમાં તપાસ કરવા છતાં તેમના પશુઓ નહીં મળતાં તેમણે વાગરા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. દરમિયાનમાં વાગરા પોલીસે ચોરીના પશુઓને શોધવા માટે તેમજ તસ્કરોના



પગેરૂ મેળવવા માટે ચક્રો ગતિમાન કર્યાં હતાં. જેમાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, આમોદના આછોદ ગામના કેટલાંક શખ્સોની પશુચોરીમાં સંડોવણી છે. જેને લઈને તેમણે ચોક્કસ વિગતો મેળવ્યાં બાદ ચોરી કરનારા સફવાન શબ્બીર પટેલ, સફવાન સિરાજ પટેલ, ઈકરામ ઉર્ફે પિતળ યુનુસ પટેલ, તોસિફ ઈનાયત પટેલ, ઈનામુલ ઈલ્યાસ પટેલ, અફજલ ઈકબાલ જેકા તેમજ મિન્હાજ ઈબ્રાહિમ પટેલને ટીમે ઝડપી પાડ્યા હતા.

**DATE: 29/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# અંકલેશ્વરમાં દારૂ સાથે બુટલેગર ઝડપાયો

અંકલેશ્વરઃ ગાર્ડન સિટીમાં રહેતો હેત મિલન પટેલ ક્રિસ્ટલ ચોકડી પાસે મોપેડ (નંબર-જી.જે.૧૬.બી.આર.૩૫૩૨) ઉપર વિદેશી દારૂનું વેચાણ કરવા આવનાર છે, જે બાતમીના આધારે તેને ઝડપી પાડી પોલીસે તપાસ કરતાં મોપેડ ઉપરથી વિદેશી દારૂની ૯૨ નંગ બોટલ મળી આવી હતી. પોલીસે વિદેશી દારૂ અને મોપેડમળી કુલ રૂ.૨૯ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરી બુટલેગર હેત પટેલની ધરપકડ કરી હતી.

**DATE: 29/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ભરૂચમાં પોલીસે જુગાર રમતાં 5ને ઝડપી પાડ્યાં

ભરૂચ | ભરૂચ સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં એએસઆઇ શૈલેષ તેમજ તેમની ટીમ ભોલાવ પાસેના બૌડા સર્કલ પાસે પેટ્રોલિંગમાં હતાં. તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, હરીદ્વાર સોસાયટી પાસે આવેલાં ખુલ્લા ખેતરના વાડામાં સોમા વસાવા અન્ય લોકોને બોલાવી ત્યાં જુગાર રમાડે છે. જેના પગલે તેમણે ટીમ સાથે દરોડો પાડ્યો હતો. જેમાં 5 જુગારીયાને 11 હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 29/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બે દિવસ પહેલાં 10થી વધુ વાહનચાલકો આ રોડ પર પટકાયા હતાં તેમ છતાં તંત્ર નિંદ્રાધીન

# અંકલેશ્વર મહાવીર ટર્નિંગ પાસે પોલીસે ખાડા પૂર્યા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના મહાવીર ટર્નિંગ પાસે ખાડાઓ પડી ગયા હોવા છતાં તેને પુરવાની તસદી નગરપાલિકા કે માર્ગ અને મકાન વિભાગે નહિ લેતાં બે દિવસ પહેલાં 10થી વધારે વાહનચાલકો પટકાયાં હતાં. આ ઘટના બાદ પણ તંત્રએ શીખ નહિ લેતાં આખરે પોલીસે ખાડાઓ પૂરી માનવતા દાખવી હતી. ચોમાસાના પ્રારંભે જ અંકલેશ્વરના તમામ રસ્તાઓ પર ખાડાઓ પડી ગયાં છે. ખાસ કરીને મહાવીર ટર્નિંગ પાસે રોજના હજારો વાહનચાલકોની અવરજવર હોવા છતાં ખાડાઓ પુરવામાં આવતાં નથી. બે દિવસ પહેલાં મહાવીર ટર્નીંગ પાસે ઊંડા ખાડાને લઈ વાહનચાલકોપટકાયા હતા. આ ઘટના બાદ બી ડિવિઝન પોલીસે મોરચો સંભાળી લીધો હતો. રાત્રીના સમયે પ્રતિન પોલીસ ચોકડી થી મહાવીર ટર્નીંગ રોડ, ઉમા ભવન ફાટક સુધી ના માર્ગ પર ખાડા જાતે ઉભા રહી પુરાણ કરાવ્યું હતું. ખાડાઓ પુરાઈ જતાં વાહનચાલકોને રાહત સાંપડી હતી અને તેમણે પોલીસની કામગીરીને બિરદાવી હતી. પોલીસે ખાડા પુરી દીધા બાદ સવારે માર્ગ અને મકાન વિભાગ જાગ્યું હતું અને જેસીબીથી રસ્તાનું લેવલિંગ કર્યું હતું.



**DATE: 29/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### મોબાઇલ ચોરીની આશંકાએ મૃતકને ઢોર માર માર્યો હતો

# અંકલેશ્વરમાં યુવાનની હત્યામાં સામેલ સાળા- બનેવીની દિલ્હીથી ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં મોબાઈલ ચોરીની શંકાએ યુવકની હત્યામાં પોલીસે સાળા અને જીજાજીને દિલ્હીથી ઝડપી પાડયાં છે. રેલવે સ્ટેશન પરથી જીજાજીના મોબાઈલની ચોરી થતાં સાળાને એક યુવાન પર શંકા હતી. ચોરીના બીજા દિવસે શંકાસ્પદ યુવાન સ્ટેશન વિસ્તારમાં જોવા મળતાં તેનું રીક્ષામાં અપહરણ કરી બે સ્થળે લઈ જઈને ઢોર માર મારવામાં આવ્યો હતો. યુવાનનું મોત થતાં મૃતદેહને ઉમરવાડા રોડ પર ફેકી દેવાયો હતો. પોલીસે તપાસ દરમિયાન લાલારામ દોહરે અને ઉદ્દલસિંગ દોહરેની અટકાયત કરી પુછપરછ કરતાં તેમણે હત્યાના ગુનાની કબૂલાત કરી હતી. આ હત્યામાં મુખ્ય ભૂમિકા ભજવનારો સાળો મોહિત દોહરે અને તેનો જીજાજી ફરાર થઈ ગયાં હતાં. બંને રીક્ષાચાલકોએ 3 દિવસના રીમાન્ડ દરમિયાન વટાણા વેરી દેતાં પોલીસ મુખ્ય આરોપીઓ સુધી પહોંચી હતી. પોલીસની એક ટીમે સ્થાનિક પોલીસની મદદથી મોહિત અને સુકેન્દ્ર શ્યામ સીંગ જાટવને દીલ્હીથી દબોચી લીધાં હતાં. ચારેય આરોપીઓને સાથે રાખી ઘટનાનું રીકન્ટ્રકશન કરાવાયું હતું. બીજી તરફ મૃતક યુવાનની ઓળખ જલગાવના પંકજ પરમારે તરીકે થઈ હતી.

**DATE: 29/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચ એલસીબીની ટીમે દરોડો પાડ્યો, મધ્યરાત્રીએ ઓપરેશન પાર પાડ્યું

# લખીગામે બૂટલેગરો અને સ્થાનિકોએ મળી ગંજીફો ચીપ્યો, 15 જુગારી પોલીસ સકંજામાં



ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરાના લખીગામના પાદરમાં આવેલાં કોલસા ટ્રાન્સફરના બેલ્ટની નીચે મહેશ પઢિયારે તેની માલિકીઓની ઓરડીઓ બનાવી છે જેમાંથી 42 નંબરની ખાલી ઓરડીમાં ગૌતમ બાબર પઢિયાર બહારથી લોકોને બોલાવી જુગાર રમાડે છે. તેવી ચોક્કસ બાતમી ભરૂચ એલસીબીના કોન્સ્ટેબલ તકદીરસિંહને મળી હતી. જેના પગલે તેમણે પીઆઇ મનીષ વાળાને જાણ કરતાં તેઓના માર્ગદર્શન હેઠળ ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસે મધ્યરાત્રીએ સ્થળ પર પહોંચી ઓરડીમાં ખેલીઓ એકત્ર થયાં છે કે કેમ તેની ખાત્રી કર્યાં બાદ ઓરડીમાં દરોડો પાડતાં તેમાં કેટલાંક લોકો ગોળ કુંડાળામાં બેસી તીનપત્તીનો જુગાર રમતાં ગૌતમ પઢિયાર સહિત 15 જણાને ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમણે દાવ પર લગાવેલાં 40 હજાર તેમજ તેમની અંગઝડતીમાંથી મળેલાં રોકડા 2.65 લાખમળી કુલ 3.04 લાખ રૂપિયા રોકડા તેમજ 12 મોબાઇલ સહિત કુલ 4.14 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર ઝડપાયેલાં ખેલીઓમાં બે થી ત્રણ દારૂના બુટલેગરો પણ છે.

**DATE: 29/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### આરોપી મનીષ કચ્છી 3 ગુનામાં વોન્ટેડ હતો

# વક્ફ બોર્ડની જમીન પચાવી પાડવાના ગુનામાં બિલ્ડર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીતાલી વક્ફ બોર્ડ ની જમીન માં ખોટા દસ્તાવેજો ઉભા કરવાના ગુનામાંવોન્ટેડ બિલ્ડરને બી ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યો હતો..

તાજેતરમાં જીતાલી વક્ફ બોર્ડ ની જમીન માં ખોટા પત્ર બનાવી તેનો ખરા તરીકે સબ રજીસ્ટ્રારકચેરીમાં ખરા તરીકે ઉપયોગ કર્યાની ફરિયાદ નોંધાઈ હતી. જે ફરિયાદ માં પોલીસે અગાઉ મસ્જિદ ટ્રસ્ટ ના ટ્રસ્ટીની ધરપકડ કરી હતી. તો આ ગુના માં બિલ્ડર મનીષ ગભરુ કચ્છી સામે પણ પોલીસ ફરિયાદ થઈ હતી. બિલ્ડર દ્વારા જમીન ભાડા પટ્ટે રાખી હતી અને ખોટા દસ્તાવેજ હોવા છતાં જમીન ભાડે રાખી હતી. જે ગુનામાં વોન્ટેડ હતો. પોલીસે ફરાર બિલ્ડર એવા જીઆઈડીસી ખાતે આવે ભવ્ય બંગ્લોઝમાં રહેતા મનીષ ગભરુ કચ્છીની ચોક્કસ માહિતી આધારે ધરપકડ કરીહતી. અને ખોટા અને બનાવટી દસ્તાવેજ અંગે તેની પૂછપરછ હાથ ધરી છે.

**DATE: 30/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### મગણાદ, કુંઢળ, બોજાદરા ગામના નીચાણવાળા વિસ્તારમાં પાણી ફરી વળ્યાં

# જંબુસર આમોદ વચ્ચે વહેતી ઢાઢર નદી ૧૦૨ ફૂટે પહોંચી : રૌદ્ર સ્વરૂપ

### વહેતા પાણીમાંથી બાઈક લઈને નીકળવાનો પ્રયાસ કરનાર બાઈક ચાલક તણાતા બચ્યો



। જંબુસર ।

ઉપરવાસ મા પડેલ વરસાદ ને પગલે વડોદરા આજવા સરોવર તથા દેવડેમ ની સપાટી મા વધારો થતા વહીવટીતંત્ર ધ્વારા પાણી છોડવામા આવતા જંબુસર આમોદ વચ્ચે વહેતી ઢાઢર નદી ની સપાટી મા વધારો થઈ રહયો છે.ઢાઢર નદી આ લખાય છે ત્યારે ૧૦૨ ફૂટ ની સપાટી એ પહોંચી છે નદીએ રોદ્ર સ્વરૂપ ધારણ કરતા નદી કાંઠા ના અસરગ્રસ્ત ગામો મગણાદ, બોજાદરા, કુંઢળ ના નિચાણવાળા વિસ્તાર મા પુર ના પાણી ફરી વળતા આ વિસ્તાર ના મકાનો મા પાણી પ્રવેશી ગયા છે. નદી ના નીર ભયજનક સપાટી ઉપર વહેતા જ જંબુસર ભરૂચ મુખ્ય માર્ગ પ્રભાવિત થયો છે. નદી ના નીર જંબુસર ભરૂચ માર્ગ ઉપર વહેતા થયા હતા અને તેને પગલે પ્રાન્ત અધિકારી એમ.બી. પટેલ, વિભાગીય પોલીસ અધિક્ષક પી. એલ ચૌધરી, જંબુસર ના પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી.પાણમીયા સહિત નુ વહીવટીતંત્ર માર્ગ ઉપર ઉતરી ગયુ હતુ અને કોઈપણ જાત ની હાનિ ના થાય તે માટે પ્રયત્ન હાથ ધર્યા હતા આ દરમ્યાન એક બાઈક ચાલક માર્ગ ઉપર થી વહેતા ધસમસતા નીર મા થી બાઈક લઈ ને નીકળેલ હતો અને ધસમસતા પાણી ના વહેણ મા બાઈક સાથે તણાયો હતો પરંતુ સદનસીબે બાઈક સહિત તેનો બચાવ થતા વહીવટીતંત્ર એ હાશકારો અનુભવ્યો હતો. અને પાણી ના વધતા સ્તર ના કારણે જંબુસર ભરૂચ માર્ગ ને વાહનવ્યવહાર માટે બંધ કરાવી મગણાદ તરફ તથા આમોદ તરફ પોલીસ પોઈન્ટ ગોઠવી દીધા છે.નદી ભયજનક ની ઉપર પહોંચતા નદી કાંઠે આવેલ મગણાદ ના ખુનવગા તથા ચોરસીયા વગા મા પાણી ઝડપભેર ફરી વળતા ત્યા રહેતા કેટલાક ગ્રામજનો ને સહી સલામત બહાર કાઢવા પ્રાન્ત અધિકારી એમ.બી.પટેલ ના માર્ગદર્શન હેઠળ સતર્ક થયેલ વહીવટી તંત્ર એ પ્રયત્ન હાથ ધર્યા છે જયારે બીજી તરફ આ વિસ્તાર ના કેટલાક રહીશો જીવ ના જોખમે પોતાના પશુઓ બચાવવા પુર ના ધસમસતા નીરમા બહાર નીકળતા નિહાળવા મળ્યા હતા. હાલ વહીવટીતંત્ર પરિસ્થિતી ઉપર ચાંપતી નજર રાખી બન્ને તાલુકા ના નદી કાંઠા ના ગામો ના ગ્રામજનો ને સાવચેત રહેવા સુચના આપવામા આવી છે.

**DATE: 31/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાં દારૂના કેસમાં ફરાર આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં મહાવીર કોમ્પ્લેક્ષ સ્થિત મેટ્રો કુરિયરની ઓફિસમાંથી દારૂનો જથ્થો ઝડપાવવાના મામલામાં વધુ એક આરોપીને જી.આઈ.ડી.સી પોલીસે ઝડપી પાડ્યો હતો. એલસીબી પોલીસે પાર્સલમાં તપાસ કરતા દારૂની 346 નંગ બોટલ મળી આવી હતી. પોલીસે 1.64 લાખનો દારૂ,કાર,ફોન અને એક્ટિવા મળી 14.64 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો પોલીસે વધુ એક આરોપીને દહેજના સંભેટી ગામમાં રહેતો સુરેશપૂરી ગૌસ્વામીને ઝડપી પાડ્યો હતો.

**DATE: 31/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### 3 મોપેડ સહિત 1.95 લાખનો મુદ્દામાલ જપ્ત

# ભરૂચમાં બૂટલેગરને ત્યાં દરોડો, મોપેડમાં સંતાડેલો દારૂ મળ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના દાંડિયાબજાર લોઢવાણના ટેકરા વિસ્તારમાં રહેતો અભિષેક કહાર વિદેશીદારૂનો વેપલો કરતો હોવાની ચોક્કસ બાતમી એ ડિવિઝન પોલીસને મળી હતી. જેના આધારે પીઆઈ વી. યુ. ગડરીયાએ તેમની ટીમને સુચના આપતાં પીએસઆઈ ડી. એન. ઝાલાલ તેમજ ટીમે તેના ઘરે દરોડો પડાતાં અભિષેક તેના ઘરે જ મળી આવ્યો હતો. તેની ધરપકડ કરી પોલીસે તેના ઘરમાં તપાસ કરતાં વિદેશી દારૂની બોટલો મળી હતી.

પુછપરછમાં તેણે કબુલ્યું હતું કે. શની દેવ મંદિર પાસે તેની ત્રણ મોપેડની ડીકીમાં પણ વિદેશીદારૂ હોવાનું જણાવતાં ટીમે ત્રણ મોપેડ તેમજ દારૂનો જથ્થો મળી કુલ 1.95 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઉપરાંત તે દારૂ ક્યાંથી લાવ્યો તે સહિતની વિગતો મેળવવાની કવાયત હાથ ધરી છે. પોલીસથી બચવા માટે બુટલેગરે મોપેડ પાર્ક કરી. તેમાં દારૂની બોટલો સંતાડી રાખી હતી પણ પોલીસની બાજ નજરમાંથી તે બચી શકયો ન હતો અને ઝડપાઈ ગયો હતો.

**DATE: 31/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### 3 મહિનાથી પોલીસને ચકમો આપી ફરતો હતો

# પાનોલીમાં ગૌવંશની કતલના ગુનામાં ફરાર આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

છેલ્લા 3 માસ થી ગૌવંશ કતલ ગુનામાં વોન્ટેડ આરોપી ને પાનોલી પોલીસે ઝડપી પાડ્યો હતો. પાનોલી પોલીસ મથક માં વિવિધ વિસ્તારમાં વિવિધ ગુનામાં વોન્ટેડ ઈસમોને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી હતી. જે અંતર્ગત પાનોલી પોલીસ દ્વારા 3 મહિના પૂર્વે ગૌમાંસનો ગુનો નોંધાયો હતો. જે ગુનામાં વોન્ટેડ સઈદ ઉર્ફે દાઉદ ઐયુબ જોગીયાત વોન્ટ્ડ હતો. પાનોલી પોલીસ મથકના પીએસઆઈ દેસાઈ અને ટીમ દ્વારા ઝડપી પાડવાની કવાયત શરુ કરી હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેક્નિકલ સર્વેલસની મદદ થી ખરોડ ચોકડી પર થી ખરોડ ગામના મદ્રેસા ફળીયા માં રહેતા સઈદ ઉર્ફે દાઉદ ઐયુબ જોગીયાતને ઝડપી પાડ્યો હતો. અને તેની વધુ પૂછપરછ શરુ કરી હતી. થોડા સમય પહેલાં પોલીસે જિલ્લામાં વિવિધ સ્થળોએ દરોડા પાડી ગૌવંશની હત્યા કરી તેના માંસના વેચાણનો મોટો વેપલો ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 31/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### દર મહિને 8 ટકા બોનસની લાલચે રોકાણ કરાવ્યું હતું

# અંકલેશ્વરની મહિલા સાથે 9 લાખની ઠગાઈ કરનાર વધુ એક ઠગ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની મહિલાને રોકાણમાં તગડા વ્યાજની લાલચ આપી 9 લાખની ઠગાઈ કરનારા વધુ એક ગઠિયાને પોલીસે ઝડપી પાડયો છે.



જીઆઈડીસી વિસ્તારમાં રહેતી એક મહિલાને પૈસાનું રોકાણ કરવાનું હોવાથી ઈન્ટરનેટ પર સર્ચ કરી રહી હતી દરમિયાન એક લોભામણી જાહેરાત વાંચીને આપેલાં નંબર પર સંપર્ક કર્યો હતો. જ્યાં સામેવાળાએ તેની ઓળખ રાયપુરના નિજામુદ્દીન શેખ તરીકે આપી હતી. બંનેએ રોકાણ બાબતે વાતચીત કરતાં રોયલ રીચઓનમાં રોકાણ કરવાથી માસિક 8 ટકા બોનસ આપે છે તેમ કહી રોકાણ માટે લાલચ આપી હતી. પ્રથમ વખત રોકાણ બાદ તગડુ બોનસ મળતાં મહિલાએ તબકકાવાર 9 લાખનું રોકાણ કર્યું હતું. જેના બોનસ સાથે 16 લાખ રૂપિયા થતાં મહિલાએ પૈસાની માગણી કરતાં ચેક મોકલવામાં આવ્યો હતો. આ ચેક રીટર્ન થતાં મહિલાને પોતે છેતરાઈ હોવાનો અહેસાસ થયો હતો. તેણે જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અગાઉ નિજામુદ્દીનની ધરપકડ કરી હતી. તેની પૂછપરછ માં અમદાવાદ ચાંદખેડાના ઉમેશ કાંતિ પટેલની સંડોવણી ખુલતાં તેની પણ ધરપકડ કરવામાં આવી છે. આરોપીને અંકલેશ્વર ખાતે લાવી પોલીસે વધુ પૂછપરછ હાથ ધરી છે. આરોપીઓએ આ મોડસ ઓપરેન્ડીથી કેટલા લોકોને છેતર્યા છે તેની વિગતો મેળવાઈ રહી છે.

**DATE: 31/08/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંકલેશ્વરમાં શાંતિ સમિતીની બેઠક મળી

# તહેવારોમાં સોશિયલ મીડિયાનો સાવચેતીથી ઉપયોગ કરવા તાકીદ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં ઈદે મિલાદ અને ગણેશ મહોત્સવના પર્વની કોમી એખલાસ ભર્યા વાતાવરણમાં ઉજવણી થાય તે માટે શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. ગણેશ મહોત્સવ તથા મુસ્લિમ સમાજના ઈદે મિલાદ પર્વની ઉજવણી કરવામાં આવશે. બંને તહેવારો કોમી એકતાના માહોલમાં ઉજવાય તે માટે જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક બોલાવવામાં આવી હતી. પીઆઈ બી.એન. સગરની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં અંકલેશ્વર નોટિફાઈડ એરિયા ઓથોરિટીના ચેરમેન હર્ષદ પટેલ, સિક્યુરિટી કમિટીના ચેરમેન ધર્મેશ ડોબારીયા સહિત વિવિધ ગણેશ મંડળના આગેવાનો તેમજ મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.બન્ને પર્વ શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તે માટે પોલીસે અપીલ કરી હતી. ખાસ કરીને સોશિયલ મિડિયાના માધ્યમથી ધાર્મિક લાગણી ન દુભાઈ તેનું ધ્યાન રાખવા આગેવાનોને તાકીદ કરાઈ હતી.

**DATE: 01/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ખરોડ ગામેથી 6 જુગારીયા ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ખરોડ ગામના સીધા તળાવ ફળીયા માં જુગાર રમાય રહ્યો હોવાની માહિતી પાનોલી પોલીસને મળતાં દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં પત્તા પાનાનો જુગાર રમતાં 6 ખેલીઓને ઝડપી લેવાયાં હતાં. તેમની પાસેથી 33 હજાર રોકડા તથા બે બાઈક મળી કુલ 85 હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ખેલીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**DATE: 01/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ભાડૂઆતની નોંધણી ન કરનાર 6 સામે ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરાના હનુમાન ચોકડી વિસ્તારમાં આવેલાં શુભમ કોમ્પ્લેક્ષની દુકાનોમાં ભરૂચ એસઓજીની ટીમે ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં 6 દુકાનોના સંચાલકોની પુછપરછ દરમિયાન તેઓ ભાડૂઆત હોવાનું માલુમ પડ્યું હતું. જોકે, તે પૈકીના એકપણ દુકાન માલિકે તેમના ભાડૂઆત અંગેની નોંધણી પોલીસ મથકમાં કરી ન હોવાથી એસઓજીએ તમામ 6 દુકાનના માલિકો સામે વાગરા પોલીસ મથકે જાહેરનામા ભંગનો ગુનો નોંધતાં વાગરા પોલીસે તપાસ હાથ ધરી છે.

**DATE: 01/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

## 1.78 લાખની કિંમતના ફોન પરત મળતાં માલિકો ખૂશ

# અંકલેશ્વર પોલીસે ગુમ થયેલા 11 મોબાઈલ સોફ્ટવેરથી શોધી કાઢ્યાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે ગુમથયેલા 11 મોબાઈલ શોધી તેના માલિકને સુપ્રત કર્યા હતા. સીઈઆઈઆર પોર્ટલના માધ્યમથી ગુમ થઇ ગયેલ મોબાઈલ ફોન એક્ટિવ થતા તેને શોધી કાઢી પરત મળ્યા હતા. પોલીસે રૂ.1.78 લાખની કિંમતના 11 મોબાઈલ ફોન મૂળ માલિકને પરત કરવામાં સફળતા મેળવી હતી. તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત પોલીસ દ્વારા મૂળ મોબાઈલ માલિકને મોબાઈલ પરત શોધી આપ્યાં હતાં. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. ગુમ થઇ ગયેલ મોબાઈલ ફોન એકટીવ થતાં તેને સ્ટ્રેસ કરી તેને ચોરનાર કે લઈ જનારને શોધીને તેમની પાસેથી મોબાઈલ પરત મેળવી મૂળ માલિકોને પરત કરવામાં આવ્યા છે. રૂ.1.78 લાખની કિંમતના 11 મોબાઈલ ફોન મૂળ માલિકો ને પરત કરવામાં સફળતા મેળવી છે. પીઆઈ ભૂતિયા તથા તેમની ટીમે આ કામગીરી માટે જહેમત ઉઠાવી હતી.

**DATE: 01/09/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### એલસીબીએ 5.48 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# અંકલેશ્વરની હોટલથી ભંગાર ભરતો ટેમ્પો અંસાર માર્કેટથી જપ્ત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબીએ શંકાસ્પદ ભંગાર ભરેલાં ટેમ્પા સાથે ડ્રાઈવરની અટકાયત કરી છે. એલસીબીની ટીમે બાતમીના આધારે વાલિયા ચોકડીથી રાજપીપળા ચોકડી વચ્ચે વોચ ગોઠવી હતી.

બાતમી મુજબની પીકઅપ ગાડી આવતાં તેને રોકીને કોર્ડન કરી લેવામાં આવી હતી. ગાડીના ડ્રાઈવર રણજીત કટારીયા ( રહે.ગડખોલ)નાઓ પાસે ગાડીમાં રહેલાં ભંગાર બાબતે પૂછપરછ કરતાં તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો.તેણે ભંગારનો જથ્થો નર્મદા ગેટ હોટલ પાસે ચંદ્રશેખર વર્માએ ભરી ને આપ્યો હોવાની તથા તે અંસાર માર્કેટમાં ગયાપ્રસાદને આપવાંનો હોવાની તેણે કબૂલાત કરી હતી. ભંગારની માલિકી અંગેના પુરાવા નહિ હોવાથી પોલીસે 41 (1) ડી મુજબ ગુનો દાખલ કર્યો છે.1440 કીલો ભંગાર અને ગાડી મળી કુલ 5.48 લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.